For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ૩ હજાર પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, હોમગાર્ડ, વિવિધ એજન્સીઓના બંદોબસ્ત વચ્ચે યાત્રા નીકળી

# લોખંડી બંદોબસ્ત વચ્ચે જુનીગઢીના શ્રીજીનું શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન

**ડીજેના** તાલે નીકળેલી યાત્રામાં યુવાનો મન મુકીને ઝુમ્યાં, સંવેદનશીલ પાણીગેટ, માંડવી દરવાજો ક્રોસ કર્યાં બાદ પોલીસે રાહતનો શ્વાસ લીધો, નવલખી ગ્રાઉન્ડ કૃત્રિમ તળાવમાં વિના વિઘ્ને વિઘ્નહર્તાને વિદાય

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં ગણેશોત્સવ દરમિયાન મોટા મંડળો દ્વારા પંડાલો તથા ભક્તો દ્વારા ઘરમાં નાની પ્રતિમાનું સ્થાપન કરાયું છે. જેમાં ત્રીજા તથા પાંચ દિવસે વિસર્જન પ્રક્રિયા યોજાઇ હતી. જુનીગઢીના ગણપતિનું પરંપરાગત રીતે સાતમાં દિવસે ભારે હર્ષ ઉલ્લાસ અને રાષ્ટ્રગીત વગાડ્યાં બાદ 3 હજાર પોલીસના લોખંડી બંદોબસ્ત વચ્ચે વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. ત્યારે વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. પરંતુ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતના કાફલાના કારણે કોઈ પ્રકારના વિઘ્ન વિના આતશબાજી સાથે નીકળેલી વિસર્જન યાત્રા નવલખી મેદાનમાં બનાવેલા કૃત્રિમ તળાવમાં શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી.

વડોદરા શહેરમાં ગણેશ ચતુર્થીના તહેવારની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવતી હોય છે. ગણેશ મંડળના આયોજકો દ્વારા ગણેશોત્સવ દરમિયાન ધૂમ ખર્ચો અલગ અલગ પ્રકારના ડેકોરેશન માટે કરાય છે. જેમાં જૂનીગઢીમાં પણ ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરાતી હોય છે. એટલે કે સાત દિવસ સુધી ભગવાનનું પુજન કર્યા બાદ સાતમા દિવસે શ્રીજીની પરંપરાગત રીતે વિસર્જન યાત્રા વાજતે ગાજતે કાઢવામાં આવતી હોય છે. ત્યારે આ વર્ષે પણ જુનીગઢીના ગણપતિનીની સાતમા દિવસે પાંચ વાગ્યાના આસપાસ રાષ્ટ્રગીત વગાડ્યાં બાદ વિસર્જન યાત્રા શરૂ કરાઈ હતી. એડિશનલ પોલીસ કમિશનર ડો. લીના પાટીલ, તમામ ઝોનના ડીસીપી, એસીપી, પીઆઈ તેમજ ડીસીબી, પીસીબી, એસઓજી સહિતની એજન્સીઓ, હોમગાર્ડ મળીને 3 હજાર ઉપરાંતના પોલીસ કર્મચારીઓ તેમજ એસડીઆરએફ, બીએસએફ, સીઆરપીએફ સહિતના વિવિધ કંપનીઓના લોખંડી બંદોબસ્ત વચ્ચે શ્રીજીની આગમન યાત્રા કાઢવામાં આવી હતી. વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલ અને કોઈ પ્રકારના વિઘ્ન વિના આગળ ધપાવવામાં આવી હતી. છ વાગ્યા સુધીમાં તો પોલીસ દ્વારા પાણીગેટ દરવાજાની બહાર પસાર કરાવી દેવામાં આવી હતી. વિસર્જન યાત્રામાં યુવકો સહિતના લોકો ડીજે તાલે ખુબ ઝુમ્યાં હતા. ઘણા લોકોએ પોતાની જુનાગઢીના ગણપતિની વિસર્જન યાત્રા સાથે સેલ્ફી પણ લીધી હતી. ડીજે જેવુ પાણીગેટ દરવાજા પાસે પહોંચ્યું હતુ કે બંધ કરાવી દેવામાં આવ્યું હતું. પાણીગેટ, માંડવી તથા લહેરીપુરા ગેટ જર્જરીત હોય ક્રોસ કરતા સુધી ડીજે ચાલુ કરવામાં આવ્યું હતું અને હર્ષ ઉલ્લાસ સાથે જુનીગઢીના શ્રીજીની શાંતિપૂર્ણ માહોલમાં નવલખી મેદાનમાં વિસર્જન કરાયું હતું. વિસર્જન યાત્રા કોઈ પ્રકારના વિવાદ વિના સંપન્ન થતા પોલીસ સહિતના તંત્રે હાશકારો અનુભવ્યો હતો.



### છત પરથી કોઇ અટકચાળુ ના થાય માટે ધાબા પોઇન્ટ તથા ડ્રોન દ્વારા ચાપતી નજર

સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થતી જૂનીગઢીની વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પસાર કરાવવી પોલીસ તંત્ર માટે ભારે પડકાર રૂપ હોય છે. ત્યારે પોલીસ કમિશનર દ્વારા વિસર્જન યાત્રા દરમિયાન કોઇ કાકરીચાળો તથા કોમી છકમલુ ના થાય તેના માટે અગાઉથી એક્શન પ્લાન બનાવી લેવામાં આવ્યો હતો. યાત્રા સાથે તો પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તૈનાત હતા પરંતુ કોઇ ધાબા પરથી પથ્થરમારો ના કરે તેના માટે ડ્રોન દ્વારા તેમજ ધાબા પર પોઇન્ટ દ્વારા સમગ્ર વિસર્જન યાત્રા પર બાઇનો ક્યુલર દ્વારા નજર રાખવામાં આવી રહી હતી. ઉપરાંત સાઇબર ક્રાઇમ કોઇ ઉશ્કેરણીજનક લખાણ વાઇરલ ના કરે તેના સતત નજર રાખી બેઠુ છે.

### 7મા દિવસે પાંચ હજારથી વધુ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન

વડોદરા શહેરમાં ગણેશ ચતુર્થી દિવસથી સ્થાપના કરવામાં આવેલા અને દસ દિવસ સુધી આતિથ્ય માણનાર શ્રીજીની ભાદરવા સુદ નોમને મંગળવારે પોલીસના સઘન બંદોબસ્ત સાથે સાતમા દિવસે શહેરના ચારેય ઝોનમાં પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલા કૃત્રિમ તળાવો સહિત નિયત કરાયેલ તળાવમાં પાંચ હજારથી વધુ ગણેશજીની પ્રતિમાઓનું શાંતિપૂર્ણ અને ભક્તિસભર માહોલમાં વિસર્જન સંપન્ન થયું હતું.



### મુસ્લિમ બિરાદરો દ્વારા સ્વાગત કરાયું

જુનીગઢી ભદ્રકચેરી સંવેદનશીલ વિસ્તાર હોય અને ત્યાંથી શ્રીજીની વિસર્જન કાઢવામાં આવતી હોય ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ મુસ્લિમ આગેવાનો દ્વારા વિસર્જન યાત્રાનું સ્વાગત કરાતું હતું.

### વિકલાંગ મહિલા બાઇસિકલ લઇને યાત્રામાં જોડાઇ

જુનીગઢીના ગણપતિની વિસર્જન યાત્રામાં નીકળી હતી. ત્યારે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યાં હતા. ત્યારે એક સિંધી સમાજની હેન્ડિ કેપ મહિલા પોતાના પગે ચાલી શકતી ન હોય પરંતુ ભગવાન પર અતુટ શ્રદ્ધા હોય વિકલાંગ સાઇકલ લઇને વિસર્જન યાત્રામાં જોડાઇ હતી અને ધીરેધીરે વિસર્જન યાત્રાની પાછળ વિકલાંગ સાઇકલ લઇને વિઘ્ન હર્તાને વિદાય આપી હતી. શહેરના 1720 મોટા તથા ઘરમાં પણ અસંખ્યાના નાની શ્રીજીની પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું છે. જેમાંથી વિસર્જન આગામી દિવસે થવાનું છે

# ભદ્ર કચેરીની દીવાલ તૂટી પડતા અસ્થિર મગજની મહિલાનું મોત

**ફાયર** બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગળની કામગીરી હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના જૂનીગઢી પાસે આવેલી ભદ્ર કચેરીની રોડ સાઈડની દીવાલ ધરાશાયી થતા માનસિક રીતે અસ્વસ્થ મહિલાનું મોત થયું હતું. મોટો અવાજ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે બે જેટલા વાહનોને પણ નુકસાન થયું હતું. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા શહેરમાં વરસાદે વિરામ લીધો છે તેમ છતાં પણ કેટલાક વિસ્તારોમાં વૃક્ષો તૂટી પડવા જજરીત ઈમારતોનો કેટલોક ભાગ તૂટી પડવા સહિતના બનાવો સામે આવી રહ્યા છે. તેવામાં મંગળવારે શહેરના જૂની ઘડી વિસ્તારમાં આવેલા ભદ્ર કચેરીની રોડ સાઈડની એક દિવાલ અચાનક તૂટી પડી હતી. મોટો અવાજ થતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. જ્યારે આ દિવાલ તૂટી પડતાં નીચે દબાઈ જવાથી માનસિક રીતે અસ્વસ્થ મહિલાનું મોત થયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. અચાનક દિવાલ તૂટી પડતા ત્યાંથી પસાર થઈ રહેલા એક એકટીવા ચાલકનો આબાદ બચાવ થયો હતો. જોકે દીવાલ પડતા એક રીક્ષાને પણ મોટું નુકસાન થયું હતું. બનાવની જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડ નો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને કાટમાળ હટાવી મૃતક મહિલાના મૃતદેહને હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ચંપાબેન દેવીપુજક નામની મહિલાનું આ દિવાલ નીચે દબાઈ જવાથી મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું.

# ન્યૂઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા બનાવી આપવાના બહાને ઉંડેરાના યુવક સાથે ઠગાઈ

**વિઝાની** પ્રોસેસ કરવા માટે રૂ.14.50 લાખનો ખર્ચ થશે તેમ કહી રૂ. 2.20 લાખ પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના ઉંડેરા ખાતે આવેલી ઈશાનિયા ફ્લોરેન્જામા રહેતા નિક્ષીત રમેશભાઈ સોનીગ્રા હાલોલ ખાતે પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરે છે. વર્ષ 2021માં તેમની સોસાયટીમાં રહેતા અંકીત અજીત પુરોહીત સાથે મુલાકાત થઈ હતી. અંકિત પુરોહિત તેમના ઘરની સામે રહેતા હોય નિક્ષીત તેને ઓળખતો હતો. વર્ષ 2024માં યુવક તથા અંકીત પુરોહીત સોસાયટીમાં ઉભા હતા. ત્યારે યુવકે તેને વિદેશમાં નોકરી માટે બહાર જવાની વાત કરી હતી.

થોડા દિવસો ગયા પછી અંકીત પુરોહીતે નિક્ષીતને ન્યુઝીલેન્ડ ખાતે નોકરી અર્થે જવું હોય તો પોતે વર્ક પરમીટ વિઝાનું કરાવી આપશે તેમજ તેણે અગાઉ પણ ન્યુઝીલેન્ડ ખાતે ઘણા લોકોને વર્ક પરમીટ વિઝા કાઢી આપી મોકલ્યા છે અને અગાઉ વિઝા પરમીટ અંગેની ઓફીસ હતી પરંતુ હાલ બંધ કરી દીધી છે તેમ જણાવ્યુ હતુ. તેને યુવકના મોબાઈલ ઉપર ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝાનુ પેકેજ મોકલ્યું હતુ. જેથી યુવકને અંકિત પુરોહિત પર વિશ્વાસ આવી ગયો હતો અને યુવક ન્યુઝીલેન્ડના વિઝા કઢાવવા માટે તૈયાર થયો હતો. વિઝા બનાવવા તેના પાસ પોર્ટની નકલ તથા અન્ય ડોક્યુમેન્ટ માંગ્યા હતા અને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટના વિઝા માટે રૂ.14.50 લાખનો ખર્ચો થશે તેમજ ત્રણ મહીનામાં ન્યૂઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા મળી જશે તેમ જણાવ્યુ હતુ. ત્યારબાદ તેણે રૂ. 3 લાખ યુવક પાસે માંગ્યા હતા. પરંતુ યુવકે તેની પાસે હાલમાં રૂ.3 લાખ નથી તેમ કહી રૂ.2.20 લાખ ટુકડે ટુકડે એનઈએફટી દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. અંકિત પુરોહીતે ન્યુઝીલેન્ડ ખાતેની બર્ગર કિંગના ઓફર લેટર વોટ્સએપ તથા મેલથી મોકલ્યા હતા અને અમદાવાદની અપોલો હોસ્પીટલ ખાતે મેડીકલ કરાવવા જણાવ્યુ હતું.

જેથી અપોલો હોસ્પીટલ અમદાવાદ ખાતે મેડીકલ કરાવ્યુ હતું તથા પીસીસી માટેની પ્રોસેસ કરી હોય અને તેનું સર્ટિફિકેટ આવી ગયું હતું. યુવકે ન્યુઝીલેન્ડ ખાતેના વર્ક વિઝાની પ્રોસેસ ક્યાં સુધી પહોંચી છે તે બાબતે પુછતા અંકિત પુરોહિતે વિઝાની પ્રોસેસ ચાલુ હોવાનુ જણાવ્યુ હતુ. ત્યારબાદ યુવકને શંકા જતા તેને જાતે વિઝાની પ્રોસેસ કરી છે કે નહીં તેની ચકાસણી કરતા અંકિત પુરોહિતે ન્યુઝિલેન્ડ ખાતેના વર્ક પરમીટ વિઝાની કોઈ પ્રોસેસ કરી ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી યુવકે તેની પાસે ચૂકવેલા રૂ.2.20 લાખ પરત આપવા કહ્યું હતું. પરંતુ વારંવાર માંગણી કરવા છતાં અંકિત પુરોહિત રૂપિયા પરત આપતો ન હોય તેના વિરૂદ્ધ ઠગાઈની ફરિયાદ યુવકે નોંધાવી છે.

### પૂર્વ વીસી પ્રોફેસર વિજયકુમાર શ્રીવાસ્તવનું સરકારે રાજીનામું લઈ લીધું હતું

# એમએસયુમાં નવા વીસી પ્રો.બી.એમ. ભણગેએ સત્તાવાર ચાર્જ સંભાળ્યો

**પૂર્વ ઈન્ચાર્જ** વીસી પ્રો. ધનેશ પટેલ અને રજીસ્ટ્રાર કે.એમ.ચુડાસમા દ્વારા આવકારવામાં આવ્યા



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના નવા વીસી પ્રો.બી.એમ.ભણગે એ સત્તાવાર રીતે પોતાનો ચાર્જ સંભાળ્યો હતો. પ્રોફેસર બી.એમ. ભણગેએ વાઈસ ચાન્સેલર તરીકે પદગ્રહણ કરતા પૂર્વ ઈન્ચાર્જ વીસી પ્રો. ધનેશ પટેલ અને રજીસ્ટ્રાર કે.એમ.ચુડાસમા દ્વારા તેમને આવકારવામાં આવ્યા હતા.

વડોદરાની મ.સ.યુનિ. પૂર્વ વીસી પ્રોફેસર વિજયકુમાર શ્રીવાસ્તવનું સરકારે રાજીનામું લીધા બાદ વીસી તરીકેનો નો ચાર્જ સાયન્સ ફેકલ્ટીના ડીન હરીશ કટારીયાને સોંપાયો હતો અને પ્રોફેસર હરીશ કટારીયાની વીસી તરીકે બઢતી થતા અત્યાર સુધી વીસી તરીકેનો હવાલો ડોક્ટર પ્રો.ધનેશ પટેલ પાસે હતો. રાજ્ય સરકાર માંથી નવા વીસી તરીકે પ્રોફ. ડો. ભાલચંદ્ર મહાદેવ ભણગેના નામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે, નવા વીસીનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે, આ વિવાદ વચ્ચે આજે પ્રોફેસર બી.એમ.ભણગે એ વીસી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. યુનિ.ના પૂર્વ ઈન્ચાર્જ વીસી ડોક્ટર ધનેશ પટેલ અને રજીસ્ટાર કે એમ ચુડાસમાએ નવા વીસીને પુષ્પગુચ્છ આપી આવકાર આપ્યો હતો. આ સાથે પ્રોફેસર અને વિવિધ ફેકલ્ટીના ડીન પણ હાજર રહ્યા હતા પ્રોફેસર ધનેશ પટેલ આઠ મહિના સુધી ઈન્ચાર્જ વીસી તરીકે કાર્યરત હતા પણ નવા વીસીએ યુનિવર્સિટી, વિદ્યાર્થીઓની સાથે સાથે સમાજમાં પણ સારો સંદેશો જવો જોઈએ તેમ જણાવ્યું હતું.

## ગંદકી અને પ્લાસ્ટીક વાપરનાર પાસેથી માસમાં 24 લાખ દંડ વસૂલ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગંદકી ફેલાવનારાઓ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિક વાપરનારા શખ્સો પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કડક પગલાં હેઠળ, ગંદકી ફેલાવનારાઓ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિક વાપરના શખ્સો સામે 1 ઓગસ્ટથી 2 સપ્ટેમ્બર 2025 સુધીમાં અંદાજે 24 લાખ 25 હજાર 670 રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાએ શહેરના વિવિધ વોર્ડોમાં ખાસ ટીમો બનાવી, નાઈટ ડ્રાઈવ, સર્વેલન્સ અને ચેકીંગ દ્વારા જાહેર રસ્તાઓ, વાહનમાર્ગો, નદીવિસ્તારા અને રહેણાંક વિસ્તારોની સફાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. ગંદકી ફેલાવતાં શખ્સોનું સખત રીતે આઈડેન્ટિફિકેશન કરીને તેમને દંડિત કરવાનું કાર્ય ઝઈ ગતિએ હાથ ધરાયું છે. ખાસ કરીને વોર્ડ નંબર 3 માં સૌથી વધુ દંડ વસૂલાયો હોવાનું જાણવા મળે છે, જે મહાનગરપાલિકાની સફાઈ કામગીરી માટે સકારાત્મક પગલું છે.

### નિરાકરણ નહીં થતા સીએમઓમાં શિક્ષકોની શાળા સંચાલકો વિરુદ્ધ ફરિયાદ

# આજવા રોડ પરિવાર વિદ્યાલયના શિક્ષકો-કર્મચારીઓએ પગાર મુદ્દે બાંયો ચઢાવી

**આગામી** દિવસોમાં સમસ્યાનું નિરાકરણ ન આવે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

આજવા રોડ ઉપર આવેલી પરિવાર વિદ્યાલયના શિક્ષકો અને કર્મચારીઓએ અનિયમિત તેમજ રજાના પગાર બાબતે શાળા સંચાલકો સામે બાંયો ચડાવી હતી. ટ્રસ્ટીઓ પણ રજૂઆતને ગણકારતા નહીં હોવા સાથે શાળામાં ગેરરીતિ આચરવામાં આવી રહી હોવાના આક્ષેપ પણ શિક્ષકોએ કર્યા હતા.

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલી પરિવાર વિદ્યાલયના શિક્ષકોને કર્મચારીઓ આજે નારાજગી વ્યક્ત કરી હતી. શાળાના શિક્ષકોનો આક્ષેપ છે કે તેમના પગાર નિયમિત થતા નથી. આ ઉપરાંત નિવૃત થયેલા શિક્ષકોને હજુ ગ્રેજ્યુએટી મળી નથી. આ સાથે તેમણે આક્ષેપ કર્યા હતા કે,રજા નો પગાર પણ ત્રણ વર્ષથી બાકી છે. એટલું જ નહીં શાળાના ટ્રસ્ટીઓ દ્વારા પણ ભ્રષ્ટાચાર આચારવામાં આવતો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ અંગેની ફરિયાદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તેમજ ચેરિટી કમિશનરની કચેરી ખાતે કરવામાં આવી હતી. જો કે કોઈ નિરાકરણ નહીં આવતા હવે મુખ્યમંત્રી ઓનલાઈનમાં ફરિયાદ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં સમસ્યાનું નિરાકરણ ન આવે તો આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

શાળાના આચાર્ય ભાસ્કરભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટીમાં વિક્રમભાઈને જ્યારે આવેદનપત્ર આપીએ છીએ તો એ કાગળ ફેંકી દે છે. એમને કંઈ પડી નથી. ડીઈઓ દ્વારા જ્યારે જણાવવામાં આવ્યું છે કે 15 તારીખ સુધીમાં પગાર કરી દેવો પણ આ લોકો ટ્રસ્ટી અમારા એમ કહે છે કે નાણાકીય કટોકટી છે. એનું કારણ છે કે કઈ ને કઈ ગેરવહીવટ સ્કૂલમાં ચાલે છે. એટલે અમે એમ ઈચ્છીએ છીએ કે આ બધું બંધ થાય અને પગાર સમયસર ચૂકવાય અને ખાસ કરીને ડીઈઓ કચેરી આમાં જોઈન્ટ થાય અને તપાસ કરાવે. જે તપાસ અધિકારીઓ આવ્યા હતા એમની પાસે અહીંના ટ્રસ્ટીઓએ આઈ કાર્ડ માંગ્યું. એ તરત જતા રહ્યા અને પ્રોપર તપાસ કરી શક્યા ન હતા.ડીઈઓ એ જવાબ આપ્યો હતો પણ લેખિતમાં હજી સુધી કોઈ જવાબ આવ્યો નથી. યોગ્ય નિરાકરણ નહીં આવે તો આંદોલન કરીશું.

### મ્યુ. કમિશનર અરુણ મહેશ બાબુએ વિભાગોની કામગીરીની સમીક્ષા બેઠક કરી

# સોલાર રૂફટોપ, ચાર્જિંગ સ્ટેશન, યોગ સ્પેસ જેવા પ્રોજેક્ટ્સ પર ભાર મુકાયો

**નવા** ટોઈલેટ, ચાર્જિંગ સ્ટેશન, ફાયર બ્રિગેડ વાહનો સહિતના મુદ્દાઓ પર બેઠકમાં ચર્ચા કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાના કમિશનર અરૂણ મહેશ બાબુની અધ્યક્ષતામાં આજે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે રીવ્યુ મીટીંગ યોજાઈ હતી. મીટીંગમાં શહેરમાં શહેરી વિકાસ વર્ષ-2025ની ઉજવણી અંતર્ગત થનારી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મીટીંગમાં કમિશનરે મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં બ્રાન્ડિંગનું કામ, દરેક વોર્ડ ઓફિસમાં સ્ટેન્ડી મુકવાની વ્યવસ્થા, ગાર્ડન, સિટી બસ, એલઈડી સ્ક્રીન, બસ સ્ટોપ, મહત્વપૂર્ણ દિવાલો અને સર્કલ પર પ્રચાર-પ્રસાર કરવાની કામગીરી ઝડપથી શરૂ કરવાની સૂચના આપી હતી. ઉપરાંત બાગ-બગીચામાં નવા ટોઈલેટ, વિવિધ ઝોનમાં પિંક ટોઈલેટ, ઝોનવાર ડ્રેનેજ સફાઈ, પ્રોજેક્ટ શાખાના પડતર કામો તાત્કાલિક શરૂ કરીને પૂરાં કરવાની બાબત પણ ચર્ચાઈ હતી.

કમિશનરે દરેક ઝોનમાં નવો વાહન પુલ શરૂ કરવો, ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ અને હેરીટેજ સેલના કામ, અતિથિગૃહો અને તળાવ બ્યુટીફિકેશન પ્રોજેક્ટ, નીઝામપુરા ટ્રાન્સપોર્ટ હબનું કામ, ફાયર બ્રિગેડ માટે નવા વાહનો ખરીદવા ટેન્ડર પ્રક્રિયા, પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની બાબતો પર પણ ભાર મુક્યો હતો. તે સિવાય શહેરના વિવિધ વિસ્તારોમાં ચાર્જિંગ સ્ટેશન બનાવવાના, બિલ્ડીંગો પર સોલાર રૂફટોપ લગાવવાના, ગાર્ડનમાં યોગા સ્પેસ ઉભી કરવાની, જાહેર શૌચાલયોમાં વધારો કરવાની અને ગંદકી ફેલાવનાર વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના અધિકારીઓને આપવામાં આવી હતી. કમિશનરે તમામ વિભાગોને નક્કી કરાયેલ કામગીરી સમયસર તથા ઝડપી ગતિએ પૂર્ણ કરવા સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો.

# ભરૂચ-અંકલેશ્વર એક્સપ્રેસ વે શરૂ, પુનગામ પાસે ડાયવર્ઝન દ્વારા સુરત જવા હવે મોકળાશ

**આ** માર્ગ શરુ થતા ભરૂચ શહેરમાં ટ્રાફિકજામ સમસ્યા દુર થશે



(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ,તા.2

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનો ભરૂચથી અંકલેશ્વર સુધીનો હિસ્સો બિન સત્તાવાર રીતે શરૂ થઈ ગયો છે.વાહનચાલકો અંકલેશ્વરના પુનગામ નજીક બનાવાયેલ ડાયવર્ઝનનો ઉપયોગ કરી સુરત તરફ જવાનો માર્ગ મોકળો શરુ થઇ ગયો છે.

8 લેન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે ગુજરાતમાંથી પસાર થાય છે.ભરૂચમાં પૅકેજ-4 હેઠળ 13 કિમીના હિસ્સામાં અંકલેશ્વરના પુનગામ નજીક ખેડૂતોના જટિલ પ્રશ્નોના કારણે કામગીરી અટકી હતી. આ કામગીરી હવે પૂર્ણ થઈ ગઈ છે.ભરૂચથી સુરત તરફ જતા વાહનચાલકો એક્સપ્રેસ હાઈવે થઈને અંકલેશ્વરના પુનગામ સુધી પહોંચી શકે છે. ત્યાંથી ડાયવર્ઝન મારફતે અંકલેશ્વર-હાંસોટ-ઓલપાડને જોડતા સ્ટેટ હાઈવે પર જઈ જવા મોકલાશ મળી છે.સુરતથી ભરૂચ તરફ જતા વાહનો પણ આ માર્ગનો ઉપયોગ કરી શકે છે.અંકલેશ્વરથી સુરત સુધીનો એક્સપ્રેસ હાઈવે આગામી ડિસેમ્બર માસ સુધીમાં શરૂ થઈ જશે. આ માટે યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. આ માર્ગ શરૂ થવાથી હવે ભરૂચ શહેરમાં સર્જાતી ટ્રાફિકજામની સમસ્યા ઘટાડો નોંધાતા રાહત થશે.

### મધ્ય ગુજરાતના 46 લાખ ઉપરાંત વીજ ગ્રાહકોને કરોડોનો લાભ થશે

# પહેલી જુલાઈથી કરેલા વીજ વપરાશ પર ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ 2.30ના ઘટાડેલા દરે વસૂલાશે

**નાગરિકોને** ઓછા દરે વીજળી પુરી પાડવા જુલાઇ 2025થી ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ 15 પૈસાનો ઘટાડો કરાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

રાજ્યના નાગરિકોને ઓછા દરે વીજળી પુરી પાડવા માટે સરકાર દ્વારા જુલાઈ 2025 થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ 15 પૈસા ઘટાડવાનો નિર્ણય કરતા જુલાઈથી સપ્ટેમ્બર 2025 દરમિયાન વીજ વપરાશ પર મધ્ય ગુજરાતના 46 લાખ ઉપરાંત ગ્રાહકોને આશરે રૂ. 8 કરોડથી વધુનો લાભ થશે.

જાન્યુઆરી 2024થી અમલમાં આવતા ફ્યુઅલ ચર્ચાજના દરને પ્રતિ યુનિટ 50 પૈસા ઘટાડીને રૂપિયા 3.5 થી રૂપિયા 2.85 કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતા ઓક્ટોબર 2024 થી ફ્યુઅલ સર્ચના દરને વધુ 40 પૈસા ઘટાડીને રૂપિયા 2.45 પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. ત્યારે ચાલી રહેલા વર્ષ 2025-26 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન 2025 દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂપિયા 2.45 પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો. ત્યારે હવે યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ વાણિજયિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ 15 પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે સરકારના આ નિર્ણયથી 1 જુલાઈ 2025 થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સર્ચચાર્જ પ્રતિ યુનિટ રૂપિયા 2.30 ના ઘટાડેલા દરે વસુલાત કરવામાં આવશે. વીજ નિયમન આયોગ દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત રહેશે. ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજિત 1.75 કરોડ ગ્રાહકોને 400 કરોડ પૈકી મધ્ય ગુજરાતના આશરે 46 લાખ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર 2025 દરમિયાન વીજ વપરાશ ઉપર આશરે 8 કરોડથી